

# આજે ભારતનું ભાવિ ખુલશે

**ગુજરાતનું પાટનગર મીની દિલ્હી જેવું થઈ ગયું છે, રાષ્ટ્રીય નેતાઓની આવન-જાવન વચ્ચે નવા મુખ્યમંત્રી માટેની પણ તૈયારીઓ શરૂ : નવા મુખ્યમંત્રી ૧૮મીએ અને મોદી ૨૦મીએ પદગ્રહણ કરે તેવી પ્રાથમિક ચર્ચા : ઘટક પક્ષોમાંથી કોણ કેબિનેટમાં આવશે તેની વિસ્તૃત ચર્ચા**

ગાંધીનગર, તા.૧૫

ભારતનું ભાગ્ય આવતીકાલે ખૂલશે. એક નવી સરકારનો દિલ્હીમાં ઉદય થશે. ભ્રષ્ટાચાર અને મોંઘવારીથી કંટાળેલી જનતાને નવી સરકાર મળશે. ગુજરાતના મુખ્યમંત્રી દેશના પ્રધાનમંત્રી બને તેવી અનેક આશાઓ સાથે ૧૬ મે, રાજકીય ઈતિહાસમાં એક અધ્યાય શરૂ કરશે. એક્ઝિટ પોલના તારણોના આધારે અને પોતાના સર્વેમાં એનડીએ-ભાજપને જરૂરી બેઠકો મળી હોવાના અહેવાલથી સંઘ પરિવાર અને ભાજપે વિજયોત્સવ મનાવવાની શરૂઆત પણ કરી દીધી છે. આ સાથે ગુજરાતમાં ૧૩ વર્ષ અને છ મહિના પછી ભાજપની સરકારના નવા

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ટેન્શન, ડીપ્રેશનથી બચવું હોય તો કુદરત સાથેનો સંપર્ક-સંબંધ સતત જાળવી રાખો

- ડો. જીતેન્દ્ર અઢિયા

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૬૫ | ૧૬ મે, ૨૦૧૪, શુક્રવાર; વૈશાખ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**સુષ્મા રીસાયા-મનાવાયા**

એન.ડી.એ.ની સરકાર હજુ તો કાલના પરિણામ બાદ



રચાવાની વાત બનશે પરંતુ અત્યારે તો ભાજપમાં એકબીજાને મનાવવાની અને રિસાવાની પ્રક્રિયા ચાલે છે. સુષ્મા સ્વરાજે મોદી મંત્રીમંડળમાં જોડાવા ઈન્કાર કર્યો છે. જોકે મોડીરાત્રે મળતા બિનસત્તાવાર સૂત્રો મુજબ મંત્રીમંડળમાં પ્રથમ ચાર સ્થાનમાં નામ હશે તો વિચાર કરીશ એમ ખૂબ સમજાવટ બાદ જવાબ આપ્યો છે.

**મોદી સપ્ટેમ્બરમાં અમેરિકા જશે**

લોકસભા ચૂંટણી ૨૦૧૪ના એક્ઝીટ પોલમાં મોદી



સરકાર રચાવાના સંકેતો મળી રહ્યા છે ત્યારે યુ.એસ. સરકારે ભારત સાથે મજબુત સંબંધો સ્થાપવા ફરી એક નવું પગલું ભર્યું છે. ઓબામો તાજેતરમાં એક નિવેદન જારી કરી નવી સરકારને પૂર્ણ સહયોગ આપવાની વાત કરી છે ત્યારે મોદી દેશના પ્રધાનમંત્રી બનશે તો આગામી સપ્ટેમ્બરમાં યુનોના અધિવેશનમાં હાજરી આપવા તો અમેરિકા જઈ શકે છે.

**એન. ડી. તિવારીએ ૮૮ વર્ષે પુનઃલગ્ન કર્યા**



કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શ્રી એન. ડી. તિવારીએ ૮૮ વર્ષની ઉંમરે આજે લખનૌ ખાતે ઉજ્જવલા શર્મા સાથે વિધિવત લગ્ન કર્યા છે. લખનૌ ખાતે યોજાયેલા લગ્ન સમારંભમાં મિત્રો અને જ્ઞાતિજનોની હાજરીમાં હિન્દુ શાસ્ત્રની પરંપરાગત વિધિથી એન. ડી. તિવારી અને ઉજ્જવલા શર્મા લગ્નગ્રંથિથી જોડાયા હતા.

**સોનાક્ષીની સુરક્ષા માટે ૮૦ રક્ષકો તૈનાત**

બોલીવુડની સફળ



અભિનેત્રી સોનાક્ષીસિંહા દક્ષિણના સુપરસ્ટાર રજનીકાંત સાથે લિંગા ફિલ્મ દ્વારા પ્રવેશ કરી રહી છે તે હાલમાં મૈસુર ખાતે ફિલ્મનું શુટીંગ કરી રહી છે. આ શુટીંગ દરમિયાન સોનાક્ષીની સુરક્ષા માટે પચાસ પોલીસકર્મીઓ અને ૩૦ બાઉન્સરોને તૈનાત કરવામાં આવ્યા છે.

# ભર વૈશાખે અષાઢી માહોલ

**ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં સમીસાંજે વિજળીના ચમકારા અને મેઘ ગર્જના સાથે વાતાવરણ પલ્ટાયુ : સેક્ટર-૫, ૬, ૧૩, ૨૨, વાવોલ વિસ્તારોમાં હળવો વરસાદ : આંધી તોફાનના કારણે લગ્નના મંડપો તૂટ્યા : ઝાડ પડ્યાના પ્રાથમિક અહેવાલો**

ગાંધીનગર, તા. ૧૫

રાજયના પાટનગર ગાંધીનગરમાં ગુરૂવારે સમી સાંજે વાતાવરણમાં અચાનક જ પલ્ટો આવતા જોરદાર આંધી અને સુસવાટાભર્યો પવન ફુંકાયો હતો. વીજળીના ધડાકા-ભડાકા સાથે આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાતા ભર ઉનાળે ચોમાસાનો માહોલ સર્જાયો હતો. પરિણામે આખા દિવસની કાળઝાળ ગરમી બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

મળતી માહિતી અનુસાર છેલ્લા કેટલાક સમયથી અવારનવાર વાતાવરણમાં બદલાવ થતા રહે છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ક્યાંક ક્યાંક ચોમાસાનો પણ માહોલ સર્જાય છે. વાવોલ તરફના વિસ્તારમાં વરસાદનું હળવુ ઝાપટુ પડ્યુ હતુ તેના પગલે વીજળી ડૂલ થઈ ગઈ હતી.

ગુજરાતમાં છેલ્લા એક માસ દરમિયાન અંદાજે ત્રણેક વખત વાતાવરણ નાટકીય પલ્ટો આવતા ગાજવીજ અને કરા સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો. જેને લઈ

● અનુસંધાન પાન-૭ પર

**પ્રિમોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે લોકલ ફિનોમીલા સર્જાતા વરસાદી ઝાપટુ વરસ્યું**

ભર ઉનાળાની મૌસમમાં બદલાયેલ હવામાન અંગે જાણકારોના જણાવ્યા મુજબ કેટલાક દિવસોથી વાતાવરણમાં આવેલ ફેરફાર એ કુદરતની પ્રિમોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે હવાના દબાણનું લોકલ ફિનોમીલા સર્જાવાથી વરસાદી માહોલ સર્જાયો છે. જ્યારે વધુ પ્રમાણમાં બાષ્પીભવન થયું હોય તેવા સંજોગોમાં કેટલીક જગ્યાએ વાયુનુ દબાણ સર્જાય છે. ત્યારે નીચલા ભાગે આ દબાણના કારણે જે સ્થિતિ સર્જાય તે લોકલ ફિનોમીલા ખડી કરે છે જેના પ્રતાપે વરસાદના હળવા ઝાપટા સર્જાય છે અને હવા તોફાની બને છે.



(તસવીર : કશ્યપ નિમાવત)



(તસવીર : દિપક જાની)

# રાજ્યમાં વિજયોત્સવ ધામધૂમથી ઉજવાશે

**અમદાવાદમાં સાંજે મોદીની જાહેરસભા : વડોદરામાં મોદી જશ્નમાં ભાગ લેશે : ચૂંટણી પરિણામના દિવસે મોદીના સ્વાગત માટે તમામ તૈયારી : વિશેષ બસની પણ સજાવટ : કાર્યકરો ઉત્સાહિત**

ગાંધીનગર, તા. ૧૫

લોકસભા ચૂંટણીઓના પરિણામ બાદ ભાજપને મળનારા વિજયને વધાવવા માટે રાજ્યભરમાં વિજયોત્સવના કાર્યક્રમો ભાજપ દ્વારા યોજવામાં આવનાર છે.

લોકસભા ચૂંટણીના પરિણામો આવતીકાલે જાહેર થનાર છે જો કે આ પરિણામ પહેલા જ એક્ઝીટ પોલમાં એનડીએને બહુમતી મળશે તેવા તારણોને લઈને ભાજપ કેન્દ્રમાં સરકાર બનાવશે અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે તે નિશ્ચિત થઈ જવા પામ્યું છે.

આવતીકાલે જાહેર થનાર લોકસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપને ભવ્ય વિજય મળે તો તેને વધાવવા માટે ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

રાજ્યના તમામ જિલ્લા મથકો અને તાલુકા મથકોએ કાર્યકરો અને આગેવાનો માર્ગો પર રેલીઓ કાઢી આતશબાજી કરી અને મીઠાઈઓ વહેંચીને ભાજપને મળેલા વીજયનો વિજયોત્સવ મનાવવામાં આવશે.

આજે ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને પ્રભારી ઓમ. માથુરની ઉપસ્થિતિમાં પ્રદેશ આગેવાનોની એક બેઠક મળી હતી જેમાં આવતીકાલે ભાજપને મળનાર વિજયને વધાવવા માટે વિજયોત્સવ કાર્યક્રમો ઘડી કાઢીને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

આવતીકાલે પરિણામો આવ્યા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બપોરે બરોડા પોતાના મતવિસ્તારમાં જશે અને એક જાહેર સભાને સંબોધીને તેમને વિજય અપાવવા બદલ બરોડાની જનતાનો આભાર વ્યક્ત કરશે. બરોડાથી સાંજે તેઓ અમદાવાદ આવશે અને અમદાવાદમાં પણ એક જનસભાને સંબોધીને ભાજપને વિજય અપાવવા બદલ જનતાનો આભાર વ્યક્ત કરશે.

નરેન્દ્ર મોદી ૧૭મી ના રોજ સવારે વારાણસી જશે અને જનતાનો આભાર માનશે. સાંજે ગંગા આરતી કર્યા બાદ દિલ્હી જશે જ્યાં એરપોર્ટ પર મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ ઉપરાંત દિલ્હી એરપોર્ટ પરથી ભાજપ કાર્યાલય સુધી મોદીના સમર્થમાં રોડ શો નું આયોજન પણ કરવામાં આવશે.

લોકસભાની ચૂંટણીના પરીણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. આવતીકાલે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સૌથી પહેલા તેમના વડોદરા મત વિસ્તારમાં ઉજવણીમાં ભાગ લેવા જશે. મોદી વડોદરામાંથી રેકોર્ડ અંતરથી જીતે તેવી શક્યતા દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. મોદી સાંજે અમદાવાદમાં ધરણીધર દેરાસરમાં પણ ઉજવણીમાં ભાગ લેનાર છે. આની તૈયારી પણ શરૂ થઈ ચુકી છે. નરેન્દ્ર મોદી અમદાવાદમાં આવતીકાલે એક જાહેર સભા યોજી દેશના મતદારોનો

● અનુસંધાન પાન-૭ પર




## નરેન્દ્ર મોદીને સુરક્ષા છત્ર આપવા એસપીજી તૈયાર

**જસોદાબેન, હિરાબેનને પણ આવી જ સુરક્ષા : જો ભાજપ જીતશે તો એસપીજી તરત જ બુલેટપ્રુફ વાહન અને જામર સાથે સજ્જ એડવાન્સ ટુકડી મોકલી દેશે**

નવી દિલ્હી,તા. ૧૫

લોકસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે ૧૬મીમેના દિવસે જાહેર કરવામાં આવનાર છે. જો ભાજપ લોકસભાની ચૂંટણીમાં જીત મેળવશે તો સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (એસપીજી)તરત જ ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને સુરક્ષા આપવા માટે બુલેટપ્રુફ વાહન અને જામર સાથે એક એડવાન્સ ટીમ મોકલી દેશે. આવી જ સુરક્ષા વ્યવસ્થા મોદીથી દુર રહેતા અને અલગ થયેલા પત્નિ જસોદાબેન અને





તેમના માતા હિરાબેનને પણ આપવામાં આવનાર છે. આ બન્ને જુદા જુદા રહે છે. નામ જાહેર નહી કરવાની શરતે અધિકારીએ કહ્યું છે કે એસપીજી દ્વારા મોદી, તેમના પત્નિ અને તેમના માતા માટે ગ્રાઉન્ડ વર્ક કરી લીધા બાદ નવી નિતી તૈયાર કરી છે. જો ભાજપ જીતશે તો મોદી માટે એસપીજી રાહ જોશેનહી. મોદીને વડાપ્રધાન તરીકે ચૂંટાયેલા જાહેર કરવા અને રાષ્ટ્રપતિ દ્વારા તેમને આમંત્રણ આપવામાં આવે તેની રાહ એસપીજી જોશે નહી. જો ભાજપ જીતશે તો આવતીકાલે જ ટીમ મોકલી દેવામાં આવશે. જસોદાબેનને સુરક્ષાને લઈને ચર્ચા ચાલી રહી છે. કારણ કે તેઓ બનાસકાઠા જિલ્લામાં ગામમાં રહી શકશે નહી. કારણ કે તેમના માટે એસપીજી છત્ર યોગ્ય રહેશે નહી.જસોદાબેનને અન્ય આવાસમાં ખસેડવાના મામલે એસપીજી મોદી સાથે વાતચીત કરે તેવી શક્યતા છે. ગુજરાત વહીવટીતંત્રને એસપીજી સુરક્ષા આપવા અન્ય આવાસ માટે કહેવામાં આવે તેવી શક્યતા છે. જો કે એસપીજી છત્ર હેઠળ મોદીના ૬મ ભાઈ અને બે બહેનોને આવરી લેવાશે નહી.રાત પોલીસને તેમને ઝેડ કેટેગરીની સુરક્ષા આપવા માટે કહેવામાં આવશે. એસપીજીના વડા કે. દુર્ગા પ્રસાદે હજુ સુધી આ મામલે કોઈ ટિપ્પણી કરી નથી. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના અધિકારીઓએ કહ્યું છે કે મોદી અને તેમના પરિવારના સભ્યો માટે સુરક્ષાની ચકાસણી કરવાની બાબતમાં કોઈ અસામાન્ય બાબત નથી. હાલમાં મોદી હાઈએસ્ટ ઝેડપ્લસ કેટેગરી ધરાવે છે.

# રાજ્યમાં ૨૬ બેઠકો પર આજે ગણતરી

**ગુજરાતની વિધાનસભાની સાત બેઠકોની પેટા ચૂંટણીનું પરિણામ પણ જાહેર થશે**

**ભાજપના નેતા મોદી સહિત ૩૩૪ ઉમેદવારને ભાવિનો આજે ફેંસલો**

અમદાવાદ, તા.૧૪

લોકસભાની ચૂંટણીના આજે જાહેર થનારા પરીણામમાં ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકો તથા વિધાનસભાની ૭ બેઠકોનું ચિત્ર બપોર સુધીમાં સ્પષ્ટ થઈ જશે. ચૂંટણી પંચ દ્વારા પરીણામ જાહેર કરવાની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ગુજરાતની કુલ ૨૬ બેઠકોના પરીણામ માટે રાજ્યમાં જિલ્લાવાર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં અમદાવાદની પૂર્વ, પશ્ચિમ અને ગાંધીનગર બેઠકની મતગણતરી એલડી એન્જીનીયરીંગ કોલેજ તથા ગુજરાત કોલેજ ખાતે હાથ ધરાશે. પરીણામના દિવસે વિજયના ઉન્માદમાં રાજકીય કાર્યકરો દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહીં તે માટે સમગ્ર રાજ્યમાં મતગણતરીના સ્થળ ઉપર જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ગુજરાતની વડોદરા તથા ઉત્તરપ્રદેશની વારાસણી બેઠકની ચૂંટણી લડ્યા હોવાથી આ બંને બેઠકોના પરીણામ ઉપર સમગ્ર દેશ

● અનુસંધાન પાન-૭ પર



**ગાંધીનગર માટે**
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧